# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૮ તા.૬-૭-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષયઃ- ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણીના કાર્યક્રમના ભાગરૂપે નિબંધ સ્પર્ધા-વકતૃત્વ સ્પધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભઃ-(૧) નિયામકશ્રી,અનુસુચિત જાતિ, કલ્યાણ, ગાંધીનગરના પત્ર નં.અજાક /મ/ ૪/૨૦૧૫/ ૨૪૮૪ - ૮૫ તા.૨૫-૬-૧૫**

**(૨) ક્રમાંક/પ્રાશિનિ/છ-૨/૨૦૧૫-૧૬/૧૭૨૯-૮૧ તા.૨-૭-૧૫**

**(૩) સ્કૂલ બોર્ડ પરિપત્ર ક્રમાંક ૩ તા.૮-૪-૧૫**

**(૪) સ્કૂલ બોર્ડ પરિપત્ર ક્રમાંક ૭ તા.૧૦-૪-૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬મા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે પ્રાથમિક શાળાના ધો.૬ થી ૮મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની તાલુકા કક્ષાએ,જિલ્લા કક્ષાએ, રાજયકક્ષાએ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવન વિષય પર નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થનાર છે તેના અનુસંધાને ધો.૬ થી ૮ની તમામ શાળાઓએ નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું નીચે મુજબ આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | કક્ષા | તારીખ |
|---|---|---|
| ૧ | શાળા | ૧૦-૭-૧૫ |
| ૨ | બીટ | ૧૩-૭-૧૫ |
| ૩ | ઝોન | ૧૫-૭-૧૫ |

શાળા કક્ષાએ વિજેતા થયેલ બાળક બીટકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. બીટ કક્ષાએ પ્રથમ ત્રણ બાળકો વિજેતા જાહેર કરવામાં આવશે. આ બાળકો ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. બીટ તેમજ ઝોન કક્ષાની સ્પર્ધાનો સમય બીટ સુપરવાઈઝરશ્રી દ્વારા જણાવવામાં આવશે, તેની નોંધ લેશો.

તા.૬-૭-૧૫ શાસનાધિકારી